મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# સિવિલમાં છ મહિનામાં ૨૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં છેલ્લા ૬ માસથી વધુ સમયથી રાત-દિવસ જોયા વિના ડોકટર થી લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના પણ દર્દીઓ સારવાર માટે આવે છે ત્યારે દર્દીઓને સતત સંપર્કમાં રહીને સારવાર આપતા ૧૧ ડોકટર, ૭ સ્ટાફ નર્સ, લેબ ટેકનીશીયન, બાયોમેડીકલ એન્જીનિયર, કોમ્પ્યુટર ઓપરેટર, વર્ગ-૪ સહિત ૨૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. ત્યારે કોરોનાની સારવાર મેળવી સ્વસ્થ થઈ આરામ કરી ફરીવાર કોરોના વોરીયર્સ પોતાની ફરજમાં લાગી ગયા છે.

મળતી માહિતી મુજબ કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર કરીને સ્ટાફના કર્મચારીઓ પણ કોરોનાના ચેપથી બચી શક્યા નથી. ત્યારે ગાંધીનગર સિવિલના ફીજીશીયન કે જેઓ પ્રથમવાર સંક્રમિત થયા હતા તે ત્રણ માસ બાદ ફરીવાર કોરોનાનો ભોગ બન્યા છે. તે ઉપરાંત મેડીસીન વિભાગના એચઓડી, જનરલ સર્જન, એનેસ્થેસીયા વિભાગના ૪ ડોકટરના રીપોર્ટ પણ કોરોના પોઝીટીવ આવી ગયા છે. અત્યાર સુધી સિવિલના કુલ ૧૧ ડોકટર્સ કોરોનામાં સપડાયા છે. સપડાયેલા ડોકટર્સ સ્વસ્થ બનીને આરામ કરી ફરીવાર કોરોના સામે લડવા તૈયાર થયા છે. કોવીડ વોર્ડમાં ડોકટર તેમજ સ્ટાફ નર્સ કે જે હંમેશા પોઝીટીવ દર્દીઓની નજીક હોય છે. કોરોના દર્દીની પાસે તેમના સગા પણ આવવા માટે તૈયાર નથી ત્યારે આ સ્ટાફ નર્સ જીવના જોખમે દર્દીની સારસંભાળ કરે છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા ૬ સ્ટાફ નર્સ પણ કોરોનામાં સપડાયા હતા. તે ઉપરાતં લેબ ટેકનીશીયન, બાયો મેડીકલ એન્જીનિયર, કોમ્પ્યુટર ઓપરેટર, સહિત વર્ગ-૪ ના કર્મીઓ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. ગાંધીનગર સિવિલમાં હાલના સમયે કોરોના પોઝીટીવ દર્દીઓથી સિવિલ ભરચક છે. તેવા સમયમાં પણ કોરોના વોરીયર્સ સતત સેવામાં વ્યસ્ત બનીને પોતાની કામગીરી સુચારુ રીતે કરી રહ્યા છે.




## લૉકડાઉન ગાળામાં ઉત્કૃષ્ઠ બચાવ કામગીરી કરનાર ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનના મહિલા કર્મીનું સન્માન

ગાંધીનગર, તા.૪

રાજયભરમાં મહિલાઓ વિરૂધ્ધ ઘરેલું હિંસા અને અત્યાચાર સામે રક્ષણ આપવા ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન કાર્યરત છે. આ હેલ્પલાઈનના ગાંધીનગર એકમના મહિલા આઉટરીચ કાઉન્સિલર વિશાલબેન ઝાલાને એપ્રિલ, મે અને જુન માસના સમયગાળામાં આત્મહત્યાના પ્રયાસના કેસોમાં ત્વરિત પ્રતિભાવ તથા યોગ્ય બચાવ કાર્ય કરવા બદલ જીવીકે-ઈએમઆરઆઈ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રમાણપત્ર તેમને ગત તા. ૩જી ઓકટોબરના રોજ ચિલોડાના પીઆઈ આઈ.એમ. હુડ્ડના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ, મે અને જુન માસ



દરમિયાન કોરોના લોકડાઉનનો સમયગાળો ચાલી રહ્યો હતો. આ સમયગાળામાં ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન પર મહિલાઓ સાથે ઘરેલું હિંસા કે ત્રાસ આપવાની ઘટનાઓની ફરિયાદો પણ સતત ચાલુ રહી હતી. આ સમયગાળામાં મોટા ચિલોડા ખાતેથી કાર્યરત ગાંધીનગરની ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની બચાવ કામગીરીમાં ઉત્કૃષ્ઠ ફરજ બજાવવા બદલ આઉટરીચ કાઉન્સિલર વિલાસબેન ઝાલાને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા છે. આ સમયગાળા દરમિયાન વિલાસબેન ઝાલાએ જે કેસો હેન્ડલ કર્યા તેમાં મુખ્ય બે કેસો જેમાં એક કેસમાં દારૂડિયા પતિના ત્રાસથી આત્મહત્યા કરવા પ્રેરાયેલ એક પરીણિતા અને બીજા એક કેસમાં પરિણિતાને પતિ સહિત સાસરિયા દ્વારા અભણ-ગમાર હોવા સાથે કરિયાવર લાવી ના હોવાનું કહી ત્રાસ આપી આત્મહત્યા માટે પ્રેરવાથી આપઘાત કરવા નીકળેલી પરિણિતાનો સમાવેશ થાય છે જે બંને મહિલાઓને આશ્રય અપાવવામાં મદદરૂપ બન્યા હતા. ૧૮૧ અભમય્ દ્વારા દર ત્રિમાસિક ગાળામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને સન્માનવામાં આવે છે.

## ગ-૫ પાસે પકોડીની લારીને વેગનઆર કારે ટક્કર મારી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા ખાતે રહેતો રવિકુમાર નરેશકુમાર કોરી (ઉં.૩૦) ગત તા.૨૬-૯૨૦ ના રોજ બપોરના સુમારે લારી લઈને ઘ-૫ તરફ જઈ રહ્યો હતો.તે સમયે ગ-૫ પાસે અચાનક પાછળથી પુર ઝડપે ગફલત ભરી રીતે કાર નં.જી.જે.૧૮.એ.એચ.૧૩૧૬ના ચાલકે પકોડીની લારીને પાછળથી ટક્કર મારતા લારીનો સામાન નીચે પડી ગયો હતો. જયારે લારીને નુકશાન થયું હતું. તે ઉપરાંત લારી ચાલકને ઈજા પહોંચતા ખાનગી દવાખાને સારવાર મેળવી હતી. બનાવ અંગે લારી ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## લીયો ક્લબ દ્વારા વૃધ્ધાશ્રમમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનું વિતરણ




ગાંધીનગર, તા. ૪

લીયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે રહેતા વડીલોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

લીયો ક્લબ ગાંધીનગરના સભ્યોએ વડીલો સાથે બેસી તેમની સાથે વાતચીત કરી સમય પસાર કર્યો હતો અને તેમના આશિર્વાદ લીધા હતા. આ અવસરે કાર્યક્રમના દાતા રમેશભાઈ ચંદવાની, લીયો પ્રમુખ વિનય જયસિંઘાની, મંત્રી કાર્તિકસિંહ યાદવ, પૂર્વ પ્રમુખ મૌલિક ચૌધરી, રિક્કીન આચાર્ય અને કિંજલ જયસિંઘાની હાજર રહ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ નારાયણભાઈ પુંજાભાઈ, ઉ.વ. ૫૩, નવા મારવાડા, તા. ખેડબ્રહ્મા, સાબરકાંઠા
- સ્વ. પટેલ દશરથભાઈ આત્મારામ, ઉ.વ. ૭૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ભટ્ટ ભાલચંદ્ર કાંતિલાલ, ઉ.વ. ૭૫, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. સોલંકી મહોબતજી આતાજી, ઉ.વ. ૫૩, ડભોડા (આનંદપુરા), તા. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન બાબુભાઈ દરજી, ઉ.વ. ૬૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઠકકર કંચનબેન જયંતિલાલ, , ઉ.વ. ૫૨, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ કાળાભાઈ નટવરલાલ, ઉ.વ. ૪૩, કલાપીનગર, અમદાવાદ
- સ્વ. ઈશ્વરભઈ રતનભાઈ જાદવ, ઉ.વ. ૫૮
- સ્વ. નાયી જયંતિલાલ પુંજીરામ, ઉ.વ. ૭૫, કરણનગર, તા. કડી, મહેસાણા
- સ્વ. સ્વાતિ સમીરભાઈ બગથરીયા, ઉ.વ. ૩૪, વાવોલ, તા. ગાંધીનગર

## એક ફલેટ બે નાગરીકોને વેચાણ કરતા બિલ્ડર સામે છેંતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક ચિલોડા એલીગન્સ રેસીડેન્સીના બિલ્ડરે એક જ ફલેટ બે નાગરીકોને વેચાણ કરીને છેતરપિડી કરી છે. બિલ્ડરનો એલીગન્સ રેસીડેન્સીમાં એફ-૧૦૩ ફલેટ પેટે રૂ.૧૫.૫૦ લાખ આપવા છતા ફરીયાદીને એક પણ ફલેટ મળ્યો નથી. જયારે બિલ્ડરે રૂપીયા પરત નામે રૂ.૨.૫૦ લાખનો ચેક આપતા તે પણ પરત ફરતા કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. જેથી બનાવ અંગે પોલીસ મથકે બિલ્ડર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ વડોદરા માંજલપુર ખાતે રહેતા માધુરીબેન સુશીલ દુબેના પિતા સેકટર-૩ ડી ખાતે રહે છે. તેમના ઘરે તેમના દુરના સગાનો દિકરો સુરજ ચંદ્રકાંત પાંડે (રહે. પ્લોટ નં.૬૬૪ શાંતિ પેલેસ સેકટર-૨૧) અવાર-નવાર આવતો જતો હતો. સુરજ પાંડેએ પોતે ચિલોડા પાસો એલીગન્સ રેસીડેન્સી નામે ફલેટની સ્કિમ મુકી હોવાનું જણાવ્યું હતું. જેથી ફરીયાદીએ દિકરાના નામે ફલેટ લેવાનું નક્કી કર્યું હતું. ફરીયાદીએ સ્કિમ જોઈ ફલેટ નં. એફ૧૦૩ લેવાનું નક્કી કરીને બિલ્ડરને ટુકડે ટુકડે રૂ.૧૫.૫૦ લાખ ચુકવી દીધા હતા. ત્યારબાદ સુરજ પાંડેએ વેચાણ કરાર લખી આપ્યો હતો. ત્યારબાદ સમય જતા ફરીયાદીએ ફલેટનું પઝેશન માંગતા સુરજ પાંડે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. ત્યારબાદ તેણે ફલેટ એફ ૧૦૩ ના સ્થાને ડી-૧૦૩ આપવાનું કહ્યું હતું. જેથી ફરીયાદી તૈયાર થઈ ગયા હતા. પરંતુ આ ફલેટ પણ બિલ્ડરે આપ્યો ન હતો અને બીજાને આપી દીધો છે. ત્યારબાદ ફરીયાદીને ફલેટના બદલામાં રૂપીયા પરત આપવાની વાત કરીને રૂ.૨.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રીર્ટન થતા આરોપી સામે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. ત્યારે બનાવ અંગે પોલીસ ફરીયાદ કરતા પોલીસે ધોરણસરની તપાસ શરુ કરી છે.

## ગુજરાત ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશનની પ્રથમ સામાન્ય સભા ગાંધીનગર ખાતે યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશનની પ્રથમ જનરલ મીટીંગ ગાંધીનગર ખાતે તા. ૨જી સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજયના ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં ગુજરાત ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ તરીકે શશિમોહન ધુમાલ, જનરલ સેક્રેટરી જાદવ કમલસિંહ, ઉપપ્રમુખ મનમોહન વ્યાસ, ખજાનચી કુસુમબેન કમલસિંહ, એડવાઈઝર તરીકે વી.એમ. દત્તા અને જો. સેક્રેટરી તરીકે મહેશ્વરી ધુમાલ અને એક્ઝિક્યુટીવ મેમ્બર તરીકે કૃતિકા ધુમાલ અને હર્શિલ ગોસ્વામીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

આ સાથે ડિસ્ટ્રીકટ એસોસિએશનમાં જનરલ સેક્રેટરી




તરીકે સંજય ક્રિશ્ચિયન (ગાંધીનગર) હાર્દિકભાઈ (નવસારી), ઝીલ પટેલ (વડોદરા), હેમાંગી પ્રજાપતિ (મહેસાણા) અને હેમંત સોઢા (ખેડા) તથા અન્ય આમંત્રિત સભ્યોએ પણ હાજરી આપી હતી.

કાર્યક્રમમાં વી.એમ. દત્તાએ ડુપ્લેક્ષ ક્રિકેટ વિશે અને તેના વિકાસ માટે યોગ્ય માહિતી સાથે આહવાન આપ્યુ હતુ. ડુપ્લેક્ષ ક્રિકેટમાં ભાઈઓ અને બહેનોની સંયુક્ત ટીમ હોય છે જેમાં ૧૬ ખેલાડીઓમાં ૫ મહિલા ખેલાડીઓ હોય છે. રમતમાં ૧૧ ખેલાડી પૈકી ૩ મહિલા ખેલાડી મેદાનમાં રમે છે અને મહિલા ખેલાડી એ ગેમમાં ફરજીયાત બે ઓવર નાંખવાની હોય છે. આવનાર દિવસોમાં ડુપ્લેક્ષ ક્રિકેટની સ્પર્ધાનું વિવિધ સ્તરે આયોજન કરવામાં આવનાર છે.

સભાના અંતમાં જનરલ સેક્રેટરી કમલસિંહે હાજર સર્વ હોદ્દેદારો અને વિવિધ ડિસ્ટ્રીકટના હોદ્દેદારોનો આભાર માન્યો હતો.

### પીંડારડા ગામની સીમમાંથી ડફેર ઝડપાયો

ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે ટીમના દેવેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પીંડારડા ગામના ગૌચરની જમીનમાં એક વ્યકિત દેશી બનાવટની બંદુક સાથે ફરી રહ્યો છે. જેથી એસઓજી પોલીસે બાતમીવાળી જગ્યાએથી ઈસ્માઈલ સુમારભાઈ સિંધી (ઉં.૪૦ રહે.સંજરીવનની સામે છાપરામાં) ને દેશી બનાવટની બંદુક સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મૃતાત્માઓના અસ્થિને ગંગાજીમાં વિસર્જિત કરતી અનોખી અસ્થિ વિસર્જન સેવા

**પાટનગરમાં છેલ્લા ૨૪ વર્ષથી ચાલતી અસ્થિ વિસર્જન સેવામાં અત્યાર સુધીમાં ૪૦ હજારથી વધુ મૃતાત્માઓના અસ્થિ વિસર્જિત કરાયા : આ સેવામાં એક વૃધ્ધાએ તાંબાનો અસ્થિકુંભ આપ્યો હતો તે સહિત રોચક ઘટનાઓ સંકળાયેલી છે**



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૪

ગુજરાતનું પાટનગર ગાંધીનગર કોઈ પૌરાણિક શહેર નથી પરંતુ રાજયની રચના બાદ વિધિવત રીતે આયોજન કરીને વિકસાવાયેલું અર્વાચીન શહેર છે. આ શહેરની સ્થાપના વર્ષ ૧૯૬૫માં બીજી ઓગષ્ટે કરવામાં આવી તે પછી વર્ષ ૧૯૭૦માં મે માસની પહેલી તારીખે પાટનગર અમદાવાદથી ગાંધીનગર સ્થળાંતરિત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખાટલે મોટી ખોડ એ રહી જવા પામી હતી કે પાટનગર નિર્માણમાં મૃત્યુ અને મનોરંજન ભુલાઈ ગયા હતા મતલબ કે જયારે તા. ૨૫મી ઓગષ્ટ ૧૯૭૦ના રોજ માર્ગ મકાન વિભાગમાં ફરજ બજાવતા સતીષચંદ્ર બક્ષીનું શહેરમાં પહેલું અવસાન થયું ત્યારે ખબર પડી કે પાનટગરમાં સ્મશાન બનાવવાનું તો રહી જ ગયું છે. અંતે તેમની અંતિમવિધિ પેથાપુર ખાતેના સ્મશાનમાં કરવામાં આવી હતી. આ પછી ગાંધીનગર શહેર વસાહત મહામંડળની રજૂઆતોના આધારે સેકટર-૩૦માં સાબરમતી નદીના કોતરોમાં અંતિમધામનું નિર્માણ કરવામાં આવ્યું જે આજે મુકિતધામ તરીકે જાણીતું છે. વર્ષ ૧૯૯૬માં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચને ગાંધીનગરમાં અસ્થિ વિસર્જન સેવા શરુ કરવાનો વિચાર આવ્યો અને તા.૪થી ફેબ્રુઆરી ૧૯૯૬ના રોજ અસ્થિ વિસર્જન સેવાના અસ્થિકુંભનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પછી તા. ૧૦મી ફેબ્રુઆરીથી આરંભાયેલી અસ્થિ વિસર્જન સેવામાં અત્યાર સુધીમાં ૪૦,૭૦૦ મૃતાત્માઓના અસ્થિનું હરિદ્વારના પવિત્ર હરકી પૌડી ઘાટ ખાતે વિધિવત વિસર્જન સંપન્ન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેકટર-૨૨માં મૂળ ભાવનગરના વતની વડીલ વિદ્યાબેન માવાણી તેમના ભત્રીજા ઈન્દુભાઈ માવાણીની દેખરેખ હેઠળ રહેતા હતા. વિદ્યાબેન માવાણીએ પોતાનું શેષ જીવન અમદાવાદના 'જીવન સંધ્યા વૃધ્ધાશ્રમ' ખાતે વ્યતિત કરવાનો નિશ્ચય કર્યો ત્યારે પોતાના સરસામાનમાં લગ્ન સમયે પિયર પક્ષેથી 'મા-માટલું' તરીકે આવેલો મોટો તાંબાનો ઘડો હતો જેનું શું કરવું તે અંગે તેઓ અવઢવમાં હતા. અંતે હરિભાઈ પંચાલ નામના ગૃહસ્થની સલાહથી તેમણે એક દિવસે અરૂણભાઈ બુચના ઘરનો દરવાજો ખટખટાવ્યો. અરૂણભાઈએ આવકાર આપી આવવાનું પ્રયોજન પુછયું ત્યારે વિદ્યાબેને જણાવ્યું કે, 'મારે વૃધ્ધાશ્રમ જતાં પહેલા મારા લગ્નની છેલ્લી યાદ સમા આ તાંબાના ઘડાને તમને સોંપવો છે જેનો તમને જે યોગ્ય લાગે તે ઉપયોગ કરજો.' અરૂણભાઈ તે સમયે ગાંધીનગરમાં વિનામૂલ્યે અસ્થિ વિસર્જન સેવા શરુ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા તેથી તે માટે જ ભગવાને મોકલેલ અવસર સમજીને ઘડાનો સ્વીકાર કર્યો જે અસ્થિ વિસર્જન સેવાનો કુંભ બન્યો હતો. આ અસ્થિ વિસર્જન કુંભની અંતિમધામ ખાતે સ્થાપના કરવામાં આવી ત્યારે વિદ્યાબેનને અમદાવાદથી બોલાવાયા હતા અને જનક મહારાજ, અમદાવાદની અસ્થિ વિસર્જન સેવાના પ્રણેતા હરિભાઈ પંચાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં અસ્થિ વિસર્જન સેવા અમદાવાદની સેવા સાથે સંકળાઈને કરવામાં આવી હતી. જેમાં જે.કે. પટેલે ૯૬ વાર ગાંધીનગરના અસ્થિ વિસર્જનની સેવા પુરી પાડી હતી. આ પછી વર્ષ ૨૦૦૫માં અરૂણભાઈ બુચે જાતે હરિદ્વાર જઈને અસ્થિ વિસર્જનની વ્યવસ્થા ગોઠવી હતી.




અવિરત દર ચાર માસે પુરી પાડવામાં આવતી અસ્થિ વિસર્જન સેવામાં ગાંધીનગરના અનેક સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે. જેમાં હાલ શશિકાંત મોઢાના માર્ગદર્શન હેઠળ નિવૃત્ત સચિવ મુકેશ શુકલ અને પ્રદિપ સોલંકી વ્યવસ્થા સંભાળી રહ્યા છે. આ સેવામાં ઉદય ત્રિવેદી, કરશનભાઈ પરમાર, નિલેન્દુ વોરા, ભૂપેન્દ્ર મહેતા, ઉલ્લાસ વોરા, દીપુભાઈ વોરા વગેરે સહિત સ્વયંસેવકોએ સેવા પુરી પાડી છે. વર્ષ ૨૦૦૫માં ૨૬મી જુને અસ્થિ વિસર્જનની સેવા આપવા ગયેલા કે.એલ. મોદીનું દિલ્હી ખાતે અકસ્માતમાં નિધન થયું હતું. જેમના પાર્થિવ શરીરને કોંગ્રેસ અગ્રણી અહેમદ પટેલે પોતાના ખર્ચે હવાઈ માર્ગે અમદાવાદ પહોંચાડવાની મદદ પુરી પાડી હતી. વર્ષ ૨૦૦૮માં ૧૨મી નવેમ્બરે વિદ્યાબેન દ્વારા આપવામાં આવેલો અસ્થિકુંભ ચોરાઈ જવા પામ્યો હતો. જો કે ચોર અસ્થિકુંભ લઈ જતા પહેલા તમામ અસ્થિઓ તે જ સ્થળે મુકી ગયો હતો. વર્ષ ૨૦૦૫માં જયારે અમદાવાદ-ગાંધીનગરની સંયુકત અસ્થિ વિસર્જન સેવા ચાલતી હતી ત્યારે એકવાર અસ્થિકુંભ જ ગેરસમજનો કારણે લઈ જવાનો રહી ગયો હતો જેને પછી શશિકાંત મોઢાએ જાતે હરિદ્વાર જઈને તમામ અસ્થિઓ વિધિવત વિસર્જિત કરવામાં આવ્યા હતા. એક મગનભાઈ પરમાર નામના સ્વયંસેવકે તો પોતાનું ઘરબાર છોડીને અંતિમધામને જ પોતાનું ઘર બનાવી અંતેષ્ઠિની સેવા આપવા માંડી હતી અને તેમણે ત્યાં જ પોતાના અંતિમ શ્વાસ લીધા હતા. તેમની જ્ઞાતિમાં દફનવિધિનો રિવાજ હોવાથી તેમના પાર્થિવ શરીરને અમદાવાદ ખાતે લઈ જઈ દફન કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પંચદેવ મંદિરના ધર્માચાર્ય પૂ. ફુલશંકર શાસ્ત્રીએ અંત્યેષ્ઠિ વિધિ માટે માર્ગદર્શન પુસ્તિકા તૈયાર કરીને પ્રકાશિત કરી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિના મૂલ્યે દર ચાર માસે અસ્થિ વિસર્જન સેવામાં હરિદ્વાર ખાતે દરેક મૃતાત્માના નામથી વિધિ કરવામાં આવે છે. અસ્થિ વિસર્જન માટે મોકલતાં પહેલાં મુકિતધામ ખાતે વિધિવત રીતે પ્રાર્થના સભા યોજીને મૃતાત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે જેમાં દરેક મૃતકના સ્વજનોને પોષ્ટકાર્ડ લખીને બોલાવાય છે. મુકિતધામ ઉપરાંત સરગાસણ ખાતેના રૂદ્રભૂમિધામ અને દહેગામના અંતિમધામમાં અંતેષ્ઠિ પામતા દરેક મૃતાત્માના અસ્થિ વિસર્જનની આ સેવામાં અત્યાર સુધીમાં ૪૦,૭૦૦ મૃતાત્માઓના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા છે એટલે દર વખતે ૪૦૦ જેટલાં મૃતાત્માઓના સ્વજનોને પોષ્ટકાર્ડ લખવાની સેવા જયોત્સનાબેન બુચ, ડૉ. ચેતના બુચ, દિપ્તી આચાર્ય, ધીરુભાઈ નીસરતા, પ્રદિપ સોલંકી, મનિષા જોષી, ધૃવા જોષી સહિત અંતિમધામના કર્મચારીઓ વગેરે સેવા આપે છે. હાલ દેશમાં પ્રવર્તમાન કોવિડ-૧૯ મહામારીની સ્થિતિમાં યોજાયેલી છેલ્લી અસ્થિ વિસર્જન સેવામાં સ્વયંસેવકોએ ખાનગી ગાડીમાં હરિદ્વાર જઈને સેવા આપી હતી જેનું યુ ટયુબ પરથી લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com